હાલ ચોમાસાએ વિરામ લીધો છે ત્યારે સૌની નજર આવનારા દિવસો પર છે

દાહોદ જિલ્લાના આઠે ડેમમાં નવા નીરની આવક થતાં ખેતી માટે નવો આશાવાદ જાગ્યો

ચાલુ સપ્તાહે હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરે છે ત્યારે સૌની નજર ડેમોમાં થતી પાણી આવક પર મંડરાઇ છે

(પ્રતિનિધિ) દાહોદ તા.14 દાહોદ જિલ્લામાં પાછલા અઠવાડીયા થી છૂટક છૂટક વરસાદ થતાં લોકોને ગરમીથીઆંશિક રાહત થઈ છે ત્યારે દાહોદ જિલ્લામાં આઠ ડેમ આવેલા છે અને તેનો સીનારીઓ જોઈએ તો લગભગ બધા ડેમમાં પાણીની સામાન્ય આવક થઈ છે અને હજુ ડેમમાં પાણી પૂર્ણ સપાટીએ પહોંચવા માં ૩ થી ૪ મીટર પાણીની આવક જરૂરી છે એટલે આવનારા દિવસોમાં વ્યવસ્થિત વરસાદની જરૂરિયાત હોવાનું જોવાઈ રહ્યું છે જિલ્લાના આઠ ડેમો પૈકી પાટા ડુંગરીની ૧૭૦.૮૪ મીટર કેપેર્સિટી સામે ૧૬૬.૩૪ મીટર, માછણ નાળામાં ૨૭૭.૪૫ મીટર સામે ૨૭૪.૫૦ મીટર, કાલી ટુ માં ૨૫૭ મીટરની કેપેસિટી સામે ૨૫૩.૯૦ મીટર, ઉમરીયા ડેમમાં ૨૮૦ મીટર સામે ૨૭૭.૪૦ મીટર, અદલવાળા ડેમમાં ૨૩૭.૩૦ મીટર સામે ૨૩૪.૫૦ મીટર, વાકલેશ્વર ડેમમાં ૨૨૩.૫૮ મીટર સામે ? ૨૨૦.૮૨ મીટર, કબૂતરી ડેમમાં ૧૮૬.૩૦ મીટર સામે ૧૮૩ મીટર, હડફ ડેમમાં ૧૬૬ મીટર સામે ૧૬૩.૯૫ મીટર પાણીનો ભરાવો થયો છે કે આ તો ચોમાસાની ઋતુની શરૂઆત નો જિલ્લાના ૮ ડેમનો સીનારીઓ છે અને જિલ્લામાં આવનારા દિવસોમાં સારો વરસાદ વરસે અને જિલ્લાના ડેમોમાં પાણીની ભરપૂર આવક થશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

ઓછા ભાવે સોલાર પેનલ લેવાની લાલચમાં દાહોદના ઈસમે ૧૯.૯૪ લાખ ગુમાવ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.14 પ્રાપ્ત વિગત અનુસાર મોબાઈલ નંબર ૭૮૩૬૯૯૯૭૫૦, ૮૮૫૧૨૦ નંબરથી તારીખ ૧૪-૪-૨૦૨૬ ના રોજ દાહોદના ગોદી રોડ સ્થિત બુરહાની બાગ સોસાયટીમાં રહેતા અને ખાનગી નોકરી કરતા ૩૫ વર્ષીય મૂર્તઝા કુતુબભાઈ ચલ્લા વાલાના whatsapp પર નાખી લાલચ આપી હતી અને છષ્ઠ જિદ્રિદ નામની કંપનીને સ્વ.જી.સ.ઈ.ટજી નંબર તથા Performa invoice મોકલી વિશ્વાસમાં લઈ દેના બેંક દિ-એકાઉન્ટ રૂપિયા ૧૯,૯૪,૧૭૫/-જેટલી માતબર રકમ ટ્રાન્સફર કરાવી પડાવી લઈ સોલાર પેનલ નહીં મોકલાવી તેમજ રકમ પણ પરત નહીં મોકલાવી મૂર્તુજા ચલ્લાવાલા સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો. જેની પોલીસમાં જાણ કરવામાં આવી છે.

રથયાત્રા અંગે રણછોડરાયજી મંદિરે બેઠક યોજાઈ

દાહોદમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાની તૈયારી આખરી ચરણમાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.14 જગન્નાથજીની આગામી ભવ્ય અને પરંપરાગત રથયાત્રાને લઈને દાહોદ શહેરમાં ધર્મપ્રેમી જનતા અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રથયાત્રાના ભવ્ય આયોજનને આખરી ઓપ આપવા ના હેતુથી ગત તારીખ ૧૩ જુલાઈના રોજ રથયાત્રા સેવા સમિતિ દ્વારા દાહોદના સુપ્રસિદ્ધ શ્રી રણછોડરાયજી મંદિર ખાતે એક મહત્વની અને ભવ્ય મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટિંગમાં દાહોદના વિવિધ સમાજના અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ અને સેવાભાવી કાર્યકર્તાઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રથયાત્રાને સફળ અને સુનિયોજિત બનાવવા માટે તમામ સમાજના લોકોએ એકસૂત્રતા દર્શાવી હતી બેઠક દરમિયાન રથયાત્રાના કવિનર કમલેશભાઈ રાઠી તથા સુધીરભાઈ દ્વારા યાત્રા ના રૂટ, વ્યવસ્થા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કાર્યકરોને જરૂરી માર્ગ દર્શન અને સૂચનાઓ પૂરી પાડવામાં આવી હતી. યાત્રા દરમિયાન શિસ્ત અને ભક્તિમય માહોલ જળવાઈ રહે તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ માહોલમાં યાત્રા સંપન્ન કરવા આહવાન કર્યું હતું આ પ્રસંગે રામાનંદ પાર્કના મહંત શ્રી ૧૦૦૮ શ્રી જગદીશદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, દાહોદની ધર્મપ્રેમી જનતા વધુમાં વધુ સંખ્યામાં આ ભક્તિ મહોત્સવમાં જોડાય અને સમગ્ર રથયાત્રા એકદમ શાંતિપૂર્ણ, કોમી એકતા અને ભાઈચારા ના વાતાવરણમાં સંપન્ન થાય. રણછોડરાયજી મંદિર ખાતે યોજાયેલી આ બેઠક બાદ દાહોદમાં જગન્નાથજીની રથયાત્રાને લઈને આ ભક્તિનો માહોલ વધુ વેગવંતો બન્યો છે

અકસ્માત પ્રભાવી વિસ્તારોમાં રાત્રિના સમયે પૂરતી સ્ટ્રીટ લાઈટો લગાવવા માંગ

દાહોદમાંથી પસાર થતો ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે અકસ્માત ઝોન બની રહ્યો છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.14 હાઈવે પર અવારનવાર થતા જીવલેણ અકસ્માતોને લઈ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર સમસ્યા ના કાયમી ઉકેલ માટે પાલિકાના કાઉન્સિલરો અને સ્થાનિક રહીશોએ ભેગા મળી દાહોદ જિલ્લા કલેક્ટરને રૂબરૂ માં એક આવેદન પત્ર પાઠવ્યું હતું.નાના બાળકો અને વડીલોના જીવ જોખમમાં સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હાઈવે ની આસપાસ મુસ્લિમ કબ્રસ્તાન અને હિન્દુ સ્મશાન આવેલી હોવાથી લોકો અને વડીલોને જીવના જોખમે હાઈવે ઓળંગવો પડે છે. હાઈવે ક્રોસ કરતી વખતે અથવા રોંગ સાઈડમાંથી ફૂલ સ્પીડે આવતા વાહનોના કારણે નિર્દોષ નાગરિકો સતત અકસ્માત નો ભોગ બની રહ્યા છે. સ્થાનિકો અને કાઉન્સિલરોની મુખ્ય માંગણીઓ સુરક્ષાના સાધનો હાઈવે પર તાત્કાલિક અસરથી સ્પીડ બ્રેકર અને મજબૂત બેરિકેટ લગાવવામાં આવે કાળી તળાઈ. મુવાલિયા ક્રોસિંગ. ગરબાડા ચોકડી. જે ચોક્કસ જગ્યાઓ પર વારંવાર અકસ્માતો થાય છે, તેને 'બ્લેક સ્પોટ' જાહેર કરી ત્યાં વિશેષ તકેદારી રાખવામાં આવે અકસ્માત પ્રભાવી વિસ્તારોમાં રાત્રિના સમયે પૂરતી સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવે વાહનોની અનિયંત્રિત ગતિ પર બ્રેક લગાવવા અને રાહદારીઓની સુવિધા માટે હાઈવેની બાજુમાં સંપાદિત કરેલી જમીન ઉપર તાત્કાલિક સર્વિસ રોડ તેમજ અંડરબ્રિજ બનાવવામાં આવે. ઉગ્ર આંદોલનની ચીમકી સ્થાનિક લોકોએ માંગ કરી છે કે જિલ્લા કલેક્ટર આ બાબતે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના અધિકારીઓ સાથે સંકલન સાધીને તાત્કાલિક કડક એક્શન લે. જો વહેલી તકે આ ભયજનક સમસ્યાનું યોગ્ય અને કાયમી સમાધાન નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

પંચમહાલ પેરોલ ફર્લો પોલીસનો સપાટો

પાવાગઢ પોલીસ મથકના અપહરણના ગુન્હામા ભાગતો આરોપી ઝડપાયો

પેરોલ ફર્લો પોલીસની ટીમે આરોપીને ઝડપી પાવાગઢ પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) હાલોલ, તા.14 પાવાગઢ પોલીસ મથકના 2026ના અપહરણના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસ્તા ફરતો આરોપી રાજેશ ઉર્ફે ચકુલ ભાવસિંગ સોલંકી મૂળ રહે. પીગળી હમીરપૂર તા.કાલોલ હાલ રહે ભેલીન્દ્રા કાલોલ નાઓ વોન્ટેડ હોય જે અંગે જિલ્લા પેરોલ ફર્લો પોલીસને બાતમી મળી હતી કે પાવાગઢ પોલીસ મથકનાં અપહરણના ગુનાનો વોન્ટેડ આરોપી રાજેશ હાલ કાલોલ તાલુકાના ભેલીન્દ્રા ગામે તેના મામાના ઘરે છે જે બાતમીના આધારે જિલ્લા પેરોલ ફર્લો પોલીસની ની ટીમ ભેલીન્દ્રા ગામે પહોંચી હતી અને તે જગ્યાએ છાપો મારી રાજેશ ને ઝડપી પાડ્યો હતો જ્યારે જિલ્લા પેરોલ ફર્લો પોલીસની ટીમે આરોપીને ઝડપી પાવાગઢ પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરી છે.

કાલોલ તાલુકાના અડાદરા ગામ પાસેનો બનાવ

પ્રાથમિક શાળામાંથી ઘરે પરત ફરી રહેલી બાળકીને બાઈક ચાલકે ટક્કર મારતા ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 કાલોલ તાલુકાના અડાદરા ગામે શાળાએથી ભણીને પગપાળા ઘરે પરત ફરી રહેલી ૧૪ વર્ષની સગીરાને એક પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા મોટરસાયકલ ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં સગીરાને મોઢા તેમજ જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ અંગે બાળકીની માતાએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

મળતી માહિતી મુજબ, કાલોલ તાલુકાના અડાદરા ગામના મીરાપુરી બારીઆ ફળિયામાં રહેતા ધોળીબેન બાબુભાઈ પટેલીયાની ૧૪ વર્ષની પુત્રી કાજલબેન ગામની જ પ્રાથમિક શાળામાં ધોરણ-૭ માં અભ્યાસ કરે છે. ગત તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યે શાળા છૂટ્યા બાદ કાજલ ચાલતી-ચાલતી પોતાના ઘરે પરત આવી રહી હતી.

બપોરે આશરે સાડા બાર વાગ્યાના સુમારે તે પોતાના ઘર નજીક હોળી પાસે પહોંચી, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા મોટરસાયકલ નંબર GJ.17.BP.5198 ના ચાલકે કાજલને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાળકી રોડ પર પછડાતા તેના જમણા પગે અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું.

અકસ્માત થતાં જ આસપાસ બુમાબુમ મચી ગઈ હતી, જેથી બાળકીની માતા ધોળીબેન અને પરિવારના અન્ય સભ્યો તાત્કાલિક દોડીને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માત બાદ બાઈક ચાલક ત્યાંથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત કાજલને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચતા જ કાજલને તાકીદે સારવાર અર્થે ગોધરાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

ઝાલોદ વિશ્વકર્મા મંદિરે બાસવાડાથી આવેલ સંઘ દ્વારા ગરબા, ભજનના આયોજન રખાયું

દાહોદ : ઝાલોદ વિશ્વકર્મા મંદિરે આજ રોજ રાજસ્થાનનાં બાસવાડાથી આવેલ પંચાલ સમાજ મહિલા મંડળ દ્વારા ઝાલોદ પંચાલ સમાજ વિશ્વકર્મા મંદિર મુવાડા ખાતે ગરબા અને ભજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું જેમાં ગરબા ભજન બાદ શ્રી વિશ્વકર્મા દાદાની આરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઝાલોદ પંચાલ સમાજ યુવક મંડળ અને પંચાલ સમાજ મહિલા મંડળ સાથે રહી સાથે રહી સાથ સહકાર આપવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વધતો વ્યાપ : ખેડૂતોમાં જાગૃતિનો સંદેશ

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.14 ગુજરાત રાજ્યમાં કૃષિક્ષેત્રે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો વચ્ચે દાહોદ જિલ્લો નોંધપાત્ર પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. તાલુકાવાર ઉપલબ્ધ માહિતી અનુસાર દાહોદ જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે, જેના પરિણામે ખેતી ખર્ચમાં ઘટાડો, જમીનની ફળદ્રુપતા જાળવવામાં મદદ અને પર્યાવરણમૈત્રી ખેતી પદ્ધતિનો વ્યાપ વધતો જોવા મળે છે. જિલ્લામાં કુલ ૧૮,૯૪૯ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે અને આશરે ૬૧૨૧.૫૦ હેક્ટર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. તેમાં ૨૧૨૨ ખેડૂતો સ્વયં પ્રેરિત રીતે પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે અને તેઓ દ્વારા આશરે ૮૪૮.૮ હેક્ટર વિસ્તારમાં ખેતી કરવામાં આવે છે. આ આંકડા દર્શાવે છે કે, દાહોદ જેવા આદિવાસી જિલ્લાના ખેડૂતોમાં પણ રાસાયણિક ખેતીના વિકલ્પરૂપે પ્રાકૃતિક ખેતી પ્રત્યે વિશ્વાસ અને જાગૃતિ બંને વધ્યા છે. તાલુકાવાર આંકડાઓ પર નજર કરીએ તો દાહોદ, ગરબાડા, ઝાલોદ, દેવગઢ બારિયા, ફતેપુરા, લીમખેડા, ધાનપુર, સંજેલી અને સીંગવડ તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ જોવા મળી રહ્યો છે. ઝાલોદ તાલુકામાં સૌથી વધુ ખેડૂતો જોડાયેલા હોવાનું નોંધાય છે, જ્યારે દાહોદ તાલુકામાં પણ વિશાળ વિસ્તાર હેઠળ પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે.

સચિન પાયલોટે આદિવાસી સમાજના ગૌરવ ઝાલા વસૈયાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

ઝાલોદમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા સચિન પાયલોટનું સ્વાગત કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.14 દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા સચિન પાયલોટનું આજે પ્રથમ વાર આગમન થતાં સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

અમદાવાદથી રાજસ્થાનના કુશલગઢ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહેલા સચિન પાયલોટે ઝાલોદ ખાતે ટૂંકું રોકાણ કર્યું હતું. તેમના આ પ્રવાસને પગલે સ્થાનિક કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં એક નવો જ જોમ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ઝાલોદના ઐતિહાસિક ઝાલા વસૈયા ચોક ખાતે સચિન પાયલોટ આવી પહોંચતા જ સમગ્ર વિસ્તાર કોંગ્રેસના નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. આદિવાસી સંસ્કૃતિની ભવ્ય ઝાંખી કરાવતા પરંપરાગત ઢોલ-નગારાના તાલે અને ભારે આતિથ્ય સત્કાર સાથે તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સચિન પાયલોટે આ તકે આદિવાસી સમાજના ગૌરવ સમાન ઝાલા વસૈયાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદન કર્યા હતા.

આધુનિક ફેસાડ, નવું કોન્કોર્સ હોલ, મહિલા વેઈટિંગ રૂમ અને કવર ઓવર પ્લેટફોર્મથી મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધા

અમૃત ભારત યોજના હેઠળ ગોધરા રેલવે સ્ટેશનનું ૭ કરોડના ખર્ચે ભવ્ય કાયાકલ્પ

ત્રણેય મુખ્ય પ્લેટફોર્મ પર 3000 ચો.મી.માં COP બનાવાયું છે

(પ્રતિનિધિ) ગોધરા,તા.14 ભારતીય રેલની મહત્વાકાંક્ષી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ગોધરા રેલવે સ્ટેશનનું 7 કરોડ રૂપિયાના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. આ કાયાકલ્પથી સ્ટેશનને આધુનિક, સુગમ અને યાત્રી-કેન્દ્રિત સ્વરૂપ મળ્યું છે. વડોદરા મંડળના ડીઆરએમ રાજૂ ભડકેના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય રેલની યાત્રી-કેન્દ્રિત આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. નવી સુવિધાઓથી મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક અનુભવ મળશે તેમજ ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે. નવી મુખ્ય સુવિધાઓમાં 1000 ચો.મી.નો આકર્ષક ફેસાડ, 120 ચો.મી.નો પોર્ચ અને 700 ચો.મી.નો વિશાળ કોન્કોર્સ હોલ બનાવાયો છે. મહિલાઓ માટે 60 ચો.મી.નો આધુનિક વેઈટિંગ રૂમ પણ તૈયાર કરાયો છે.

વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી 650 ચો.મી.નું નવું સ્ટેશન બિલ્ડિંગ અને 1500 ચો.મી.નો સર્ક્યુલેટિંગ એરિયા વિકસાવાયો છે. પ્લેટફોર્મ 1, 2/3 અને 4/5નું નવીનીકરણ કરી 6000 ચો.મી.માં ઉચ્ચ ગુણવત્તાની સરફેસિંગ, પીવાના પાણીના નળ, સ્વચ્છ શૌચાલય, ટેક્ટાઈલ ટાઈલ્સ અને નવી પેસેન્જર માહિતી સિસ્ટમ લગાવાઈ છે. ત્રણેય મુખ્ય પ્લેટફોર્મ પર 3000 ચો.મી.માં COP બનાવાયું છે, જેથી મુસાફરોને તડકા-વરસાદથી રક્ષણ મળે. 4000 ચો.મી.ના હાલના સર્ક્યુલેટિંગ એરિયા સાથે 1500 ચો.મી.નો નવો પ્રવેશ વિસ્તાર, 2000 ચો.મી.ની સ્કૂટર પાર્કિંગ અને 2000 ચો.મી.નો એપ્રોચ રોડ બનાવાયો છે. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટ, ફેસાડનું સૌંદર્યીકરણ, વેઈટિંગ રૂમનું આધુનિકીકરણ અને વધારાના શૌચાલય બનાવાયા છે. આ પુનર્વિકાસથી ગોધરા સ્ટેશન હવે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક પરિવહન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

દાહોદ જિલ્લામાં લુટેરી દુલ્હનોનો તરખાટ : વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો

દાહોદના ગોવિંદનગરના પંચાલ પરિવારનો યુવક છેતરાયો, રોકડ તેમજ સોના ચાંદીના દાગીના મળી રૂપિયા ૩.૮૦ લાખ ગુમાવ્યા

(પ્રતિનિધિ) દાહોદ,તા.14 દાહોદ જિલ્લામાં લુટેરી દુલ્હનનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. ગરબાડા તાલુકાના જામ્બવા ગામના મૂળ રહેવાસી અને હાલ દાહોદ ગોવિંદ નગર ખાતે રહેતા પ્રતિકભાઈ પંચાલને લગ્ન કરવાના હોઈ સુખસર તાલુકાના આફવા ગામે પોતાના મોસાળમાં રહેતા નરેશભાઈ કાળુભાઈ પ્રજાપતિના છોકરાના મધ્યપ્રદેશના સિંગાણા ગામે લગ્ન થયા હતા. અને તે લગ્ન પણ મધ્યપ્રદેશના બે દલાલો બાબુભાઈ લક્ષ્મણ પાટીદાર તથા તરુણ પ્રકાશસાવલે મારફતે થયા હતા. અને તે લગ્ન સફળ રહ્યા હોઈ પ્રતિકભાઈના લગ્ન માટે પ્રતિકભાઈ ના ઘર વાળાઓએ આફવા ગામના નરેશભાઈ કાળુભાઈ પ્રજાપતિનો સંપર્ક કરતા તેઓએ સીંગાણા ખાતે રહેતા તેઓના વેવાઈનો સંપર્ક કરી સર્વે હકીકત જણાવતા વેવાઈએ મધ્યપ્રદેશના બે દલાલો બાબુભાઈ પાટીદાર અને તરુણ સાવલ સાથે સંપર્ક કરાવ્યો હતો. અને આ બંને દલાલોએ મધ્યપ્રદેશના ખરગોન ગામની સાવિત્રીબેન નામની યુવતી બતાવી હતી. પ્રતિકભાઈ પંચાલ ને તે યુવતી ગમી જતા તેઓના લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા. લગ્ન પહેલા જ તરુણ દલાલે પોતાની દલાલીના રૂપિયા ૨૦,૦૦૦/- પ્રતિકભાઈ પાસેથી ઓનલાઈન મંગાવી લીધા હતા. અને તારીખ ૨૯-૮-૨૦૨૫ ના રોજ દાહોદના રાબડાલ સ્થિત ચામુંડા માતાના મંદિરે પ્રતિકભાઈ સાથે સાવિત્રીબેનના લગ્ન સંપન્ન થયા હતા. તે વખતે રૂપિયા ત્રણ લાખથી વધુની રોકડ માંગવામાં આવતા પ્રતિકભાઈના પરિવારજનોએ તે રકમ ચૂકવી દીધી હતી અને સાથે સાથે પ્રતિકભાઈના પરિવાર તરફથી ૫૫ હજારની ફુલ કિંમતના સોના ચાંદીના દાગીના તેમજ કપડા પણ સાવિત્રીબેનને આપવામાં આવ્યા હતા. લગ્ન સુખ માળ્યું ન માણ્યું ત્યાં તો લગ્નના બે દિવસ બાદ સાવિત્રી બેનના ભાઈનો પહેલા આણા માટે ફોન આવ્યો પ્રતિકભાઈ પોતે જ સાવિત્રીબેનને મુકવા ગયા હતા. તે વખતે તેની મામી ગુજરી ગઈ છે જેથી બાર દિવસ બાદ લેવા આવજો એવું સાવિત્રીબેનના પિયરિયાઓએ જણાવ્યું હતું. સાવિત્રીબેનના ઘરે ગયા ત્યારે ત્યાં સાવિત્રી બેન, તેનો બાપ કે તેનો ભાઈ કોઈ ન હતા અને તેઓની જગ્યાએ બીજા કોઈ હતા અને તેઓએ કોની છોકરી અને કઈ છોકરી લેવા આવ્યા છો તેમ કહી પ્રતિકભાઈ તથા તેમની સાથેના માણસો ઓચિંતો હુમલો કરતા પ્રતિકભાઈ તથા તેમની સાથેના માણસો ડધાઈ ગયા હતા. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ કરવા માટે સક્રિય બન્યા હતા અને આ મામલે તેઓ એ લુટરી" દુલ્હન સાવિત્રીબેન, તથા બે દલાલો બાબુભાઈ લામણ પાટીદાર તેમજ તરુણ પ્રકાશ સાવલે વિરુદ્ધ લેખિત અરજી દાહોદ પોલીસ સ્ટેશનમાં આપી છે.